# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... FORTNIGHTLY સળંગ વર્ષ ૯૫મું

Volume : 22 • Issue 17-18 • Pages 24 • Mumbai Dated : 5th & 20th April 2020 • Yearly Subscription Rs.50/-

Visit us at : www.prakashsamiksha.com • kdoprakash@gmail.com


## ભારતના પ્રધાનમંત્રી મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સુચવાયેલા સાત પગલાનો અમલ કરી મહામારીને મહાત આપીએ...!



- પરિવારના વયસ્ક વ્યક્તિઓની વિશેષ કાળજી લેવી.
- ઘરે બનાવેલ માસ્ક અવશ્ય પહેરો.
- આયુષ મંત્રાલયના નિર્દેશોનો અમલ કરી શરીરની પ્રતિકાર ક્ષમતા વધારો.
- આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો તથા અન્ય પરિચિતોને પણ વિનંતી કરો.
- આસપાસના ગરીબ પરિવારોને ભોજનની સેવા આપો.
- આપના કર્મચારીઓને સાથ સહકાર આપો.
- ડોક્ટર્સ, નર્સીસ, પોલિસ, સફાઈ કર્મચારીઓ તથા અન્ય સેવકોને આદર આપો.

**વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ પ્રકાશ સમીક્ષાના અંક ૧૭ તથા ૧૮ની સંયુક્ત ઈ.આવૃત્તિ આપના સુધી પહોંચાડવાનો અમારો પ્રયાસ છે. આપના સૌના સહકારની આશા છે.**

## પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી - 'અનન્યા'




'અનન્યાઓ' સાથે ટીમ પરબ



દીપ પ્રાગટ્ય કરતાં મુખ્ય દાતા પરિવારના શ્રીમતી પ્રભા સોની, શ્રીમતી હીના મોતા, શ્રીમતી દમયંતી શાહ સાથે પરબના શ્રીમતી પુષ્પા ખોના, શ્રીમતી ચંદન મોમાયા અને શ્રીમતી મીરા મોમાયા




મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન અને શ્રી પદમ લધુભાઈ સોનીનું સન્માન કરતાં શ્રી મણીકાંતભાઈ ધુલ્લા, શ્રીમતી પુષ્પા ખોના અને શ્રીમતી લીના કાયાણી



બીજા મુખ્ય દાતા, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના બે ટ્રસ્ટીઓ શ્રી કલ્પેશભાઈ મોતા (મુંબઈ મહાજનનાં વર્તમાન પ્રમુખ) અને શ્રી તરૂણ ધરમશી તથા હીનાબેન કલ્પેશ મોતાનું સન્માન કરતાં શ્રીમતી જયશ્રીબેન અને ડૉ. કાંતીલાલ ઢંડ તથા શ્રીમતી મીરા મોમાયા




ત્રીજા મુખ્ય દાતા શ્રીમતી દમયંતીબેન અને શ્રી ચાંપશીભાઈ શાહ (લોખંડવાલા)નું સન્માન કરતા શ્રી વસંતભાઈ વિકમશી, શ્રીમતી કાશ્મીરા લૂઢીયા અને શ્રીમતી ચંદન મોમાયા



Literary researcher
ડૉ. યામીની અનીશ શાહનું બહુમાન



પ્રથમ KDO લેડી સોલીસીટર
ઝરણા ખોના અહમદની સરાહના

# પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી - 'અનન્યા'



TV Media Journalist
ઉર્વશી લીલા સનત ખોના (ગાડ)ની થતી સરાહના



પારસી કુટુંબમાં પરણેલા ડૉ. પારૂલ શામજી શાહ
(રૂસ્તમજી)નું થતું બહુમાન



Corporate Trainer અને લેખિકા
ડૉ. પરવીન પ્રસાદની થતી સરાહના



TV ન્યુઝ રીડર અને પરફોરમીંગ આર્ટિસ્ટ, શ્રી કુંવરજી
પાસ્વીર નાગડા (શાહ)ના પુત્રવધૂ ફાલ્ગુની હીરન નું બહુમાન



મ્યુનિસિપલ કાઉન્સીલર
શ્રીમતી નેહલ અમર શાહ (ખોના)નું થતું સન્માન .



જાસ્મીન શાહ અને વિરાજ ધુલ્લા દ્વારા
ગોલ્ડ દાતાઓનું સન્માન



સીલ્વર દાતાઓ સાથે શિલ્પા અજાણી તથા હર્ષા ધરમશી



વૈશાલી શાહ અને દીપ્તિ લોડાયા સાથે અન્ય દાતાઓ



પરબ પરિચય આપતાં
શિલ્પા અજાણી



આભાર પ્રદર્શિત કરતાં
શ્રીમતી હર્ષા ધરમશી



પ્રેક્ષકગણ

## સમર્થ શૈલેષ શાહ અને ક્રિના સમર્થ શાહ નિર્મિત કોવિડ-૧૯ ફેસ શિલ્ડ



ક.દ.ઓ. સમર્થ શૈલેષ શાહ અને એમના ધર્મપત્ની ક્રિના સમર્થ શાહ જેઓ ૩ ડી પ્રિન્ટીંગ ટેક્નોલોજીના નિષ્ણાત છે અને એ ક્ષેત્રમાં મેલ્ડીંગ મિટ નામની કંપની ચલાવે છે. એમણે પૂર્ણ ચહેરો ઢંકાઈ જાય એવું એક ફેસ માસ્ક બનાવેલ છે. આ માસ્ક આપણે બધા જે માસ્ક પહેરીએ છીએ માસ્કની ઉપર પહેરવામાં આવે છે એને માસ્કની ઉપર પહેરવામાં આવે છે અને ફેસ શિલ્ડ (Face Shiled) કહેવાય છે. આ સાધનથી ચહેરાનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ઢંકાઈ જાય છે. આ માસ્કનો અત્યારે નર્સીસ, ડોક્ટર ઈત્યાદિ મેડિકલ ફિલ્ડના લોકો ઉપયોગ કરે છે.

સ - આ માસ્ક બનાવવાની પ્રેરણા તમને ક્યાંથી મળી?

જ- વર્તમાન પરિસ્થિતિમાં અદ્યતન ટેકનોલોજી દ્વારા સંશોધન કરવાનો ઉદ્દેશ છે. વિદેશથી મળેલ માસ્કની ડિઝાઈનમાં ફેરફાર કરીને ભારતમાં કામ લાગે એવી ડિઝાઈન અમે તૈયાર કરી છે.

સ- દરરોજ કેટલા માસ્ક તૈયાર કરો છો?

જ- શરૂઆત ૧૦૦ માસ્કોથી કરી હતી હવે ૧૦૦૦૦ના આંકડા તરફ આગળ વધી રહ્યા છીએ.

સ- કઈ હોસ્પિટલોમાં આ માસ્ક આપો છો?

જ- હિન્દુજા, લીલાવતી, જી.ટી. હોસ્પિટલ અને અનેક નાના મોટા દવાખાનાઓમાં આ માસ્ક આપીએ છીએ.

સ- આ માસ્ક ક્યાં તૈયાર કરવામાં આવે છે?

જ- મારા વર્કશોપમાં, જે ચંપકલાલ ઈન્ડસ્ટ્રીઅલ ઈસ્ટેટ, સાયનમાં  આવેલ છે.

સ- માસ્ક બનાવવાની સામગ્રી લોકડાઉન દરમ્યાન ક્યાંથી મેળવો છો?

જ- આ જરૂરિયાતના સમયમાં અનેક લોકો સામગ્રી મેળવવામાં મદદ કરે છે. ક.દ.ઓ. જ્ઞાતિજનો, કે.ડી.ઓ. દીપ વોટ્સ એપ ગ્રુપ અને રોટરી ક્લબે સામગ્રી મેળવી આપવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે.

સ- તમને માસ્ક પૂરા પાડવા પૂછપરછ આવે છે?

જ- હા બહુજ. એવો અંદાજ છે લગભગ આખું વરસ અમને માસ્કનો પૂરવઠો પૂરો પાડવો પડશે.

સ- સામાન્ય માણસ માટે ઉપલબ્ધ છે?

જ- નજીકના ભવિષ્યમાં જરૂરથી પૂરા પાડવા માટે કોશિશ કરીશું.

**સમર્થ અને ક્રીના આ સેવા ભાવી કાર્ય માટે ખૂબખૂબ અનુમોદના.**

---

## કોવિડ-૧૯ સંગ્રામના કેડીઓ લડવૈયા રમેશ ભવાનજી માણેકજી મૈશેરી



લોનાવલા ખાતે આશાપુરા સિસ્ટમ્સના બેનર તળે ફોગિંગ મશીન ઉત્પાદનના એકમના પ્રોપ્રાઈટર મૂળ જખૌના રમેશ ભવાનજી માણેકજી મૈશેરીએ ઓટોમેટિક સેનીટાઈઝિંગ મશીન વિકસાવી લોનાવલા સિટી પોલિસ સ્ટેશનને સુપરત કર્યું છે.

પોલિસ ખાતાની જરૂરત પ્રમાણે મેડલ ડિટેક્ટિંગ ફ્રેમ (સ્ટેશનના ગેટમાં હોય છે તેવી) જેવું આ ઓટોમેટિક સેનીટાઈઝિંગ મશીન વિકસાવ્યું છે. આમાં વ્યક્તિના પસાર થવાની સાથે જ તેની ઉપર સેનીટાઈઝર યુક્ત પાણીનું સ્પ્રે થાય છે આથી શરીર અને કપડા પર રહેલા સુક્ષ્મ જીવાણુઓ નાશ પામે છે. શ્રી રમેશભાઈ ફોગિંગ, ગાર્ડન ફોગિંગ તથા ફાયર ફાઈટિંગ ફોગિંગ જેવા સાધનોનું નિર્માણ કરે છે. તેમને શોધખોળ અને ઈનોવેશનનો શોખ છે.

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

અંક નં.૧૭-૧૮
તારીખ : ૫/૨૦-૪-૨૦૨૦

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463/64/65
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65
Mob.: 98211 54326

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# કોરોનાના કમઠાણ વચ્ચે માનવતાના દર્શન

સમગ્ર વિશ્વ કોરોના (કોવિડ-૧૯) વાયરસના સકંજામાં સપડાયેલું છે અને કોરોના વાયરસ સામે લડીને એમાંથી છૂટવા મથામણ કરી રહ્યું છે. ભારતના નાગરિકોને સહાયરૂપ થવા કેન્દ્ર સરકાર તથા દરેક રાજ્ય સરકારો તેમના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. આ નાજૂક સમયમાં આપણી અનેક કેડીઓ સંસ્થાઓ તથા મહાજનો તેમનાથી થઈ શકે તે રીતે જ્ઞાતિજનોને મદદરૂપ થવા પ્રયત્નશીલ છે. મેં અમુક મહાજનો તથા મંડળના પદાધિકારીઓ સાથે સંપર્ક કર્યો અને મને જાણીને આનંદ થયો કે મોટા ભાગના મહાજનો-મંડળો જરૂરતમંદ જ્ઞાતિજનોને શક્યતઃ તમામ રીતે સહાયક બની રહ્યાં છે.

વર્તમાન સમયની માંગ મુજબ તથા સરકારશ્રીના આદેશ મુજબ બધાજ જાહેર સ્થળો, દેરાસરો, અતિથિગ્રહો બંધ છે. વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહ, કન્યા છાત્રાલય-મુંબઈ અને જામનગરના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ તેમના ઘરે ગયા છે જેથી ત્યાં તેઓ સલામત રીતે સોશ્યલ ડીસ્ટન્સીંગથી રહી શકે જે વિદ્યાર્થીગ્રહ તેમજ છાત્રાલયમાં શક્ય ન હતું. ગદગ ખાતેની 'જીવન સંધ્યા' સંસ્થામાં અત્યારે ૧૮ જેટલા વયશ્રેષ્ઠીઓ વસવાટ કરે છે.

આ પરિસ્થિતિ થાળે ન પડે ત્યાં સુધી સમસ્ત મહાજનની ડૉક્ટર્સ હેલ્પલાઈન દ્વારા જ્ઞાતિજનોને ટેલિફોન ઉપર આરોગ્ય વિષયક માર્ગદર્શન મળી રહે એ માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ હેલ્પલાઈન ઉપર કેટલાક વિશેષજ્ઞો પણ ઉપલબ્ધ છે. કે જેઓ માનસિક વર્તમાન સ્થિતિમાં તાણ તથા એકલતા અનુભવતા જ્ઞાતિજનોને ઉપયોગી માર્ગદર્શન આપી રહ્યાં છે.

વર્તમાન સ્થિતીમાં મુંબઈ મહાજન દ્વારા મહાજનના મુંબઈમાં વસતા સભ્યોને કોઈપણ પ્રકારની તકલીફ હોય તો મુંબઈ મહાજનના પદાધિકારીઓનો સંપર્ક સાધવા જણાવવામાં આવેલ છે. કચ્છમાં વસતા જ્ઞાતિજનોને કચ્છ એકમ દ્વારા રોકડ સહાયતા આપવામાં આવી રહી છે. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા મુંબઈમાં અંબરનાથ, વિરાર સુધીના વિસ્તારોમાં ૩૦૦ થી વધુ કિરાણા કીટનું વિતરણ કરવામાં આવ્યું છે શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન જખૌ દ્વારા જખૌવાસી જ્ઞાતિજનોને રોકડ સહાયતા અપાઈ છે. શ્રી પદ્મમુક્તિ વાસ્તલ્ય નિધિ ટ્રસ્ટ દ્વારા પણ જરૂરતમંદોને કિરાણા કિટનું વિતરણ કરાયું છે.

મેં શ્રી પ્રબોધ મુનવર અને શ્રી મહેશ લાલકા-કચ્છ, શ્રી કૌશલ મૈશેરી-પુના, શ્રી ગોવિંદ સોની -ધુલિયા, શ્રી રાજેશ ધરમશી-અમદાવાદ. શ્રી નરેન્દ્ર મોમાયા - વડોદરા, શ્રી મનોજ લોડાયા-ભાંડૂપ, શ્રી વિક્રમ પટેલ- મસ્જિદ બંદર, શ્રી શૈલેષ શાહ-ઘાટકોપર અને શ્રી ભૂપેન્દ્ર ડાઘા-ડોંબિવલી સાથે ફોનથી વાત કરી ત્યારે જાણવા મળ્યું કે બધાજ મહાજનો-મંડળો, ડાયરેક્ટ-ઈનડાયરેક્ટ રીતે જરૂરતમંદોને આ કપરી પરિસ્થિતિમાં મદદરૂપ થઈ રહ્યાં છે અને જ્ઞાતિજનોના સંપર્કમાં છે.

આવો આપણે સૌ કોરોના સામેની લડાઈમાં જોડાઈ સોશ્યલ ડીસ્ટન્સીંગ પાળીએ, સરકારશ્રીની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરીએ અને આપણા હૃદય અને ગજવા જરૂરતમંદોની સહાયતા માટે ખુલ્લા મુકી દઈએ.

પ્રકાશ સમીક્ષાના તંત્રી લેખમાં આ અગાઉ શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજનની ચુંટણી પ્રક્રિયા અંગે ઉલ્લેખિત બાબતો અંગે મુંબઈ મહાજન તરફથી પ્રકાશ સમીક્ષાને મળેલો પત્ર તથા માજી માનદ્ મંત્રીશ્રીનો સંદેશ આ અંકમાં પ્રસિદ્ધ કરેલ છે.

– ડૉ. હિરાચંદ દંડ, મો.*7738508150*

# જ્ઞાતિ ને સંબોધન



અમે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી, શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમસ્ત મહાજન અને સર્વે એકમો તથા સમગ્ર ભારતના શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનોને વિનંતી કરીએ છીએ કે, વર્તમાનના કપરા કાળમાં, આપણી જ્ઞાતિના ભાઈબહેનને કોઈ પણ પ્રકારની મદદ જોઈતી હોય તો આપણે તેમને સહાય રૂપ થવા, સહાય અને લોનની એક સહિયારી યોજના બનાવીએ, અને આપણા જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાને યાદ કરી સાધર્મિક ભક્તિનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડીએ. ચાલો સહુ સહિયારી મદદ માટે આગળ વધીએ.

કોરોના વાયરસને લીધે થયેલા લોકડાઉનના કપરા સમયમાં આપણે ઈશ્વરનો ધન્યવાદ તો વ્યક્ત કરવો જ જોઈએ કે આપણી ઘણા વર્ષોની અદમ્ય ઇચ્છા કે પરિવાર સાથે રહેવાનો સમય મળે, પોતાનું મનગમતું કાર્ય કરવા ,નવું શીખવા માટે, ધર્મ ધ્યાન કરવા માટે સમય મળે.

આ બધું જ અનાયાસે આપણને મળી ગયું....... ભગવાન થેન્ક્યુ.

આપણી જ્ઞાતિ ના દરેક પરિવાર પાસે ઘર છે, ભલે કોઈનું ભાડાનું ....તો કોઈનું પોતાનું.

આપણી પાસે એટલા પૈસા તો હશેજ કે, અનાજ, ફળ, શાકભાજી અને ઇન્ટરનેટ, મોબાઈલનું ડેટા, ઈલેક્ટ્રીસીટી,જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આપણે ખરીદી શકીએ છીએ.

પણ વર્તમાન સંજોગો ને કારણે કોઈ પણ આપણો જ્ઞાતિજન નાણાકીય અછતને કારણે જીવનનિર્વાહની, અતિ આવશ્યક એવી ચીજવસ્તુઓની વ્યવસ્થા ન કરી શકતા હોય તો, તમે મૂંઝાતા નહિ, મુંબઈ મહાજન આપની સાથે જ છે.

આ બાબતની શુભ શરૂઆત થઈ પણ ગઈ છે. આપણા કચ્છના ઘણાં જ ગામોના મહાજનો પણ પોતપોતાની રીતે બહુ જ સુંદર કાર્ય કરી રહ્યા છે. તેમનો અને તેમના અધિકારીઓનો ઘણો ઘણો આભાર અને અનુમોદના.

અમો પણ મુંબઈમાં મહાજનના સર્વે અધિકારીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો , કોઈ પણ પ્રકારની મદદ/સહાય/ આયોજન કરવા માટે તૈયાર છીએ.

તે ઉપરાંત, હાલના સમયમાં સાધારણ ખાંસી કે છીંક પણ આવે તો ઘણા કોરોનાના ભયથી ગભરાતા હોય છે. તો તેમને ખાસ કહેવાનું કે, સંકોચ કર્યા વગર આપણી જ્ઞાતિના ડોક્ટરનો સંપર્ક કરવો.

સમસ્ત મહાજનની મેડિકલ ટીમ આપણા માટે તૈયાર છે. કોઈ પણ પ્રકારનો ભય મનમાં સતાવતો હોય તો નિષ્ણાંત એવા સાયકોલોજીસ્ટ પણ ઉપલબ્ધ છે.

આ સમગ્ર સેવાનો લાભ આપ જરૂરથી લઈ શકો છો.

તમારી કોઈ પણ જરૂરત હોય તો વિના સંકોચે અમારો સંપર્ક કરો.

આપશ્રી ને એક ખાસ વિનંતી કે તમારી આસ પાસ જો કોઈ એવા જ્ઞાતિજન હોય જેને કોઈ પણ મદદની જરૂરત હોય, પણ પોતે કહી ન શકતા હોય અથવા એવા કોઈ વરિષ્ઠ નાગરિક હોય તેઓ પોતાના મનની વ્યથા કોઈને કહેવા માંગતા હોય , આવું કાંઈ પણ તમને દેખાય, સંભળાય તો અમારો જરૂરથી સંપર્ક કરી જણાવજો.

આ સમયે આપણે એકબીજા માટે, એકબીજા સાથે અડીખમ ઊભા છીએ.


આપણા શ્રદ્ધેય શ્રી અનંતનાથ દાદાને આપણે સૌ સાથે મળી પ્રાર્થના કરીએ કે આ મહામારી વિશ્વમાંથી જલ્દીથી દૂર થઈ જાય અને આપણે સૌ વર્તમાન પરિસ્થિતિમાંથી હેમખેમ બહાર નીકળીએ.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ વતી**
**પ્રમુખશ્રી નયન અશોક ભેદા.**

**ઉપરોક્ત બાબતો માટે સંપર્ક સેતુ :**
**વીરેન્દ્ર લોડાયા ૯૮૨૧૦૭૩૮૩૦, ચેતન મોતા-૯૩૨૨૨૮૨૯૯૩,**
**વીજય સોની-૯૫૯૪૬૯૨૬૯૨, ભૂપેન્દ્ર ડાઘા-૯૮૧૯૮૮૩૫૨૨**

# કોરોના સામેના જંગમાં શ્રી સમસ્ત કે.ડી.ઓ. મહાજનની અનોખી પહેલ

શ્રી સમસ્ત મહાજનની મેડિકલ કમિટી દ્વારા લોકડાઉન સમયમાં જ્ઞાતિજનોને સહાયરૂપ થવા, આરોગ્ય લક્ષી માર્ગદર્શન આપવા ડોક્ટર્સ હેલ્પલાઈન શરૂ કરવાાં આવી છે. સાથેના લીસ્ટ મુજબના ડોક્ટર્સ તેમના નિયત સમયમાં ટેલિફોન ઉપર આપને માર્ગદર્શન આપશે. જેમાં જૂના હઠીલા રોગો વિશે ચર્ચા સંભવ નથી. વોટ્સએપ ઉપર કોલ વધુ સુવિધાજનક રહેશે તથા કોલ કરતા પહેલા આપનું નામ, ઉમર, શહેરનું નામ વોટ્સએપ ઉપર ડોક્ટર્સને મોકલવાનું રહેશે. શ્રી સમસ્ત મહાજન દ્વારા આ હેલ્પલાઈન ફક્ત સેવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી છે. એટલે ભવિષ્યમાં ઉભા થનારા કોઈપણ આરોગ્યલક્ષી પ્રશ્નો અંગે સંસ્થાની જવાબદારી રહેશે નહીં એવો ખૂલાસો મહાજન દ્વારા કરવામાં આવ્યો છે. કે.ડી.ઓ. ડોક્ટર્સ હેલ્પલાઈનમાં ડોક્ટર્સના નંબર તથા સમય આપેલ છે. તેમાં આપે ડોક્ટરને ફોન કરવાનો રહેશે. એ પહેલા વોટ્સએપ ઉપર આપનું નામ – ઉમર– શહેર લખી મોકલવા નિવેદન છે. આ સાથે રાજ્યવાર સરકારી હેલ્પલાઈન નંબર પણ આપવામાં આવ્યા છે.



Shri Samast Mahajan
Medical Committee Initiative

## SAMAST MEDI ASSIST
## Till 5th May 2020

# Need Medical Help?

### સવારનો સમય

**Dr. Yogini Meisheri**
Mumbai, Chunna Bhatti
Monday to Friday
Timing : 24 hrs.
**(M) 9819328218**

**Dr. Madhukant Dharamshi**
Mumbai, Ghatkopar
All Days
Timing : 10am to 12pm
**(M) 9825226538**

**Dr. Usha Meisheri**
Valsad
Monday to Saturday
Timing : 10am to 1pm
**(M) 9879010723**

**Dr. Kantilal N. Dand**
Mumbai, Ghatkopar
All Days
Timing : 12pm to 2pm
**(M) 9821071815**

**Dr. Arti N. Dharaskar**
Nagpur
Monday to Friday
Timing : 4pm to 6pm
**(M) 9823154927**




### બપોરથી રાતનો સમય

**Dr. Harish Lapsia**
Thane, Ambernath
All Days
Timing : 3pm to 6pm
**(M) 9820087897**

**Dr. Bimal M. Nagda**
Mumbai, Mulund
All Days
Timing : 4pm to 6pm
**(M) 9769742928**

**Dr. Hetal T. Nagda**
Mumbai, Mulund
Monday to Friday
Timing : 5pm to 6pm
**(M) 9987456112**

**Dr. Preet P. Khona**
Gadag
All Days
Timing : 5pm to 7pm
**(M) 9886115014**

**Dr. Bhagyashri Dharamshi**
Wardha (MH)
All Days
Timing : 6pm to 7pm
**(M) 7447617954**

**Dr. Tarak G. Shah**
Mumbai, Ghatkopar
All Days
Timing : 8pm to 9pm
**(M) 9004927799**

### સુચના

ડૉક્ટરો પોતાનો અમુલ્ય સમય સેવા માટે પ્રદાન કરી રહ્યા છે.
ત્યારે ફક્ત અને ફક્ત જણાવેલ સમયે જ ફોન કરવો.

## Government of India Helpline Numbers for corona virus:

## +91-11-23978046

## Indian Medical Association Numbers

## +919999672238, +919999672239

## Helpline Numbers of States & Union Territories (UTs)

| S. No | Name of the State | Helpline Nos. |
|---|---|---|
| 1 | Andhra Pradesh | 0866-2410978 |
| 2 | Arunachal Pradesh | 9436055743 |
| 3 | Assam | 6913347770 |
| 4 | Bihar | 104 |
| 5 | Chhattisgarh | 104 |
| 6 | Goa | 104 |
| 7 | Gujarat | 104 |
| 8 | Haryana | 8558893911 |
| 9 | Himachal Pradesh | 104 |
| 10 | Jharkhand | 104 |
| 11 | Karnataka | 104 |
| 12 | Kerala | 0471-2552056 |
| 13 | Madhya Pradesh | 104 |
| 14 | Maharashtra | 020-26127394 |
| 15 | Manipur | 3852411668 |
| 16 | Meghalaya | 108 |
| 17 | Mizoram | 102 |
| 18 | Nagaland | 7005539653 |
| 19 | Odisha | 9439994859 |
| 20 | Punjab | 104 |
| 21 | Rajasthan | 0141-2225624 |
| 22 | Sikkim | 104 |
| 23 | Tamil Nadu | 044-29510500 |
| 24 | Telangana | 104 |
| 25 | Tripura | 0381-2315879 |
| 26 | Uttarakhand | 104 |
| 27 | Uttar Pradesh | 18001805145 |
| 28 | West Bengal | 1800313444222, 03323412600, |

# પરબ શક્તિ સંજીવની સોસાયટીના નેજા હેઠળ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી ઉજવણી 'અનન્યા' શુક્રવાર, ૬ માર્ચની સાંજે કરવામાં આવી.

આંતરજ્ઞાતીય લગ્ન ગાંઠે બંધાઈને; પારકા-પોતિકાનો ભેદ ભુલાવીને, પોતાની ઝળહળતી સિદ્ધિઓથી પિયર-શ્વસુર બન્ને કુળને દીપાવનારી કુળ ઉજ્જવલા - કુલ ૧૦ પુત્રીઓ અને પુત્રવધૂઓનું પરબ દ્વારા ભવ્ય બહુમાન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ, મુંબઈના પરા મુલુંડ સ્થિત કાલિદાસ સભાગૃહમાં યોજાયો હતો. પરબની ટ્રસ્ટી બહેનો દ્વારા આમંત્રિત મહેમાનોને ઊમળકાભેર આવકાર અપાયા બાદ ચહા-કોફી પછી સંચાલક હેમા શાહના સ્વાગત સંબોધનથી પ્રોગ્રામ શરૂ થયો. પરબના ટ્રસ્ટી શ્રીમતી મીનાબેન શાંતિલાલ શાહ ના અવસાન પામેલા પુત્ર અને શ્રીમતી અમિ શાહ ના પતિ સ્વ. નીરજના આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પળાયું.

રાગા પિયાનીસ્ટ દીપક શાહ અને સાથી કલાકારો દ્વારા નવકારમંત્રની સંગીતમય ધૂનના મધુર વાદન સાથે મુખ્ય દાતા પરિવારની ત્રણ ગૃહલક્ષ્મીઓ અને પરબની ત્રણ બહેનો દ્વારા દીપ પ્રાગટ્યની વિધિ સંપન્ન થઇ. ત્યારબાદ પરબના શિલ્પા અજાણીએ કાવ્યાત્મક શૈલીમાં પરબનો સંક્ષિપ્ત પરિચય આપી પરબના ૨૮ વર્ષના પ્રવાસની ઝલક Audio-video પ્રસ્તુતી દ્વારા કરાવી.

કાર્યક્રમનો દોર આગળ વધારતાં, મુખ્ય દાતા શ્રીમતી પ્રભાબેન અને શ્રી પદમ લધુભાઈ સોનીને મંચ પર શ્રી મણીકાંતભાઈ ધુલ્લા, શ્રીમતી પુષ્પા ખોના અને શ્રીમતી લીના કાયાણીએ માનભેર લઈ જઈને તેમનું બહુમાન કર્યું.

પોતાના ક્ષેત્રમાં ઝળહળતી સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ બે અનન્યાઓની સરાહના મંચ પર બીરાજમાન મહાનુભાવો દ્વારા થઈ. પહેલી અનન્યા, શ્રીમતી સાધના અને દિલીપ દંડ ની દીકરી ડો. યામીની અનીશ શાહ, જેઓ એક Literary researcher છે અને ૨૦૧૯માં કાલાઘોડા આર્ટ ફેસ્ટીવલના લીટરરી સેગમેન્ટના કો-ક્યુરેટર હતા, રૂઈયા કોલેજના Member of Advisory Council for Literature છે. તેઓએ બેસ્ટ ગાઈડ તરીકે રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના હસ્તે President's Award પણ હાસિલ કરેલ અને ભારતીય સંસ્કૃતિ અને કળાને પ્રોત્સાહન આપવા બદલ ૧૫૦થી પણ વધુ દૈનિક સમાચાર પત્રોમાં ચમક્યા.

આપણી જ્ઞાતિનાં પ્રથમ સોલીસીટર સ્વ. પદમશી ખોનાની પૌત્રી અને સોલીસીટર બંકીમચંદ્ર ખોનાની પુત્રી ઝરણા ખોના અહમદનું, કે જેઓ પ્રથમ KDO લેડી સોલીસીટર તરીકેનું સમ્માન ધરાવે છે, તેમનું બીજી અનન્યા તરીકે બહુમાન થયું.

ત્યારબાદ બીજા મુખ્ય દાતા, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના બે ટ્રસ્ટીઓ શ્રી કલ્પેશભાઈ મોતા (મુંબઈ મહાજનનાં વર્તમાન પ્રમુખ) અને શ્રી તરૂણ ધરમશી તથા શ્રીમતી હીનાબેન કલ્પેશ મોતાનું સન્માન શ્રીમતી જયશ્રીબેન અને ડૉ. કાંતીલાલ દંડ તથા શ્રીમતી મીરાબેન મોમાયા દ્વારા કરવામાં આવ્યું. તે સહુના હસ્તે બીજી બે અનન્યા, ઉર્વશી સનત ખોના ગાડ અને ડો. પારૂલ શાહ રૂસ્તમજીનું બહુમાન કરાયું. TV media Journalist ઉર્વશી, IBN 7, TV9 અને તાજેતરમાં India News અને NewsX માં કાર્યરત છે. શ્રી કુંવરજી પરબત ખોના પરિવારની આ દીકરીને લૂંટ ચલાવતી બ્લડ બેંક તથા આધાર કાર્ડ સેંટર કૌભાંડનો, Sting Operations વડે પર્દાફાશ કરવા બદલ News Television Award અને તાજેતરમાં "Best Ground coverage - Beed hysterectomy investigation" માટે ENBA award અપાયો.

બીજી બાજુ પારસી કુટુંબમાં પરણેલી ડો. પારુલ શામજી શાહે સંપુર્ણ શૈક્ષણીક સફરમાં અવ્વલ દરજ્જો હાંસલ કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા છે. Consultant Gynaecologist અને consultant surgeon ડો. પારુલનું નામ Guinness Book of world records માં નોંધાયું છે. તેઓ, 'સૌથી મોટા ગર્ભાશયને લેપ્રોસ્કોપિકલી નિર્મૂળ કરનાર' ટીમના સદસ્ય હતા.

પરબનાં ત્રીજા મુખ્ય દાતા શ્રીમતી દમયંતીબેન અને શ્રી ચાંપશીભાઈ શાહ (લોખંડવાલા)નું સન્માન શ્રી વસંતભાઈ વિકમસી, શ્રીમતી કાશ્મીરાબેન લૂઠીયા અને શ્રીમતી ચંદનબેન મોમાયાએ કર્યું. એ બધાએ પછીની ત્રણ અનન્યાઓની સરાહના કરી. તમીલીયન બ્રાહ્મણને વરેલા શ્રી લક્ષ્મીચંદ રતનશી ખોનાના સુપુત્રી ડો. પરવીન પ્રસાદ, પૂણે વિદ્યાપીઠનાં Recognised PhD ગાઈડ અને Symbiosis ના GDPI panelist હોવાની સાથે- સાથે Corporate Trainer અને અવ્વલ દરજ્જાના લેખિકા પણ છે. તેમના ત્રણ પુસ્તકોમાંથી એક "Stop! Don't go there! Mistakes made by top leaders" ને 'હેરી પોટર'ના પબ્લીશર Bloomsbury દ્વારા પ્રકાશિત કરવામાં આવી અને તેને ખૂબ સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

પરવીન પછી વારો આવ્યો ૧૯૮૮થી અમદાવાદ દૂરદર્શન કેંન્દ્રમાં ન્યુઝ રીડર તરીકે જોડાયેલા ફાલ્ગુની હીરેનનો. ન્યુઝ રીડર તરીકે સૌથી લાંબા ગાળા સુધી ઝટ ન્યુજ રીડીંગ સેગ્મેન્ટ સાથે સંકળાયેલા હોવા બદલ તેમણે લીમ્કા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડર્સમાં સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત તેઓ એક સફળ એંકર, ફોક ડાન્સર, નૃત્ય નિર્દેશિકા અને થિયેટર આર્ટિસ્ટ પણ છે. શ્રી કુંવરજી પાશ્વીર નાગડા (શાહ)ના પુત્રવધૂ ફાલ્ગુનીએ 'સ્પંદન' નામની લોક નૃત્ય એકેડમી ૧૯૮૮માં અમદાવાદમાં સ્થાપી, જેના કેન્દ્રો, વડોદરા અને સૂરતમાં પણ છે.

શ્રી ભરત વાલજી ખોનાનાં પુત્રવધૂ (મ્યુનિસિપલ કાઉન્સીલર) શ્રીમતી નેહલ અમર શાહ (ખોના) બ્રીહનમુંબઈ મહાનગરપાલીકાના F/ North Ward ૧૭૭ના નગરસેવીકા

## પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી તા. ૬ માર્ચ ૨૦૨૦

તરીકે સેવા આપી રહ્યા છે.

૨૦૧૭ના ઈલેક્શનમાં ભાજપના ઉમેદવાર તરીકે ૮૧૫૦ વોટનાં માર્જિન સાથે જ્વલંત વિજય પ્રાપ્ત કરી ફક્ત બે જ વર્ષમાં માટુંગા, સાયન-કોલીવાડા તથા દાદરના વિસ્તારોમાં ૧૫૦થી પણ વધારે નોંધપાત્ર સુધારા-વધારા કરાવી નેહલ એક ખૂબજ સફળ નગરસેવીકા સાબિત થયા છે.

બાકીના ત્રણ 'અનન્યાઓ' સત્કાર સમારંભમાં હાજરી આપી નહોતા શક્યા. ભારતનાં પ્રખ્યાત ઈમેજ કનસ્લટન્ટ શ્રીમતી છાયા મોમાયા તેમના પિતાનાં નિધનનાં કારણે, યુક્રેનીયન એવોર્ડ વીનીંગ ફિલ્મ ડાયરેક્ટર દારીયા ગાય મોમાયા તેમના દાદા સસરાનાં નિધનનાં કારણે અને DCP ઝોન -૪ (સૂરત) પન્ના નીતીન પદમશી મોમાયા, જેઓ પોલીસ ફોર્સમાં, KDO જ્ઞાતિનાં પ્રથમ મહિલા DCP છે, જેમને નાનપણથીજ અનેકોનેક રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ, પુરસ્કારોથી નવાજવામાં આવ્યા છે, તેમના ઉપર વધુ જવાબદારી હોવાના કારણે, તેમની રજા નામંજૂર થઈ અને તેઓ મુંબઈ આવી ન શક્યા.

દસે દસ અનન્યાઓની અપ્રતિમ ઓડીયો- વીડીયો પ્રસ્તુતીની સાથે તેમના વીડીયો સંદેશાનું પ્રસારણ કરી પરબે કાર્યક્રમમાં એક અનોખો રંગ પુર્યો હતો.

ત્યારબાદ પરબની ટ્રસ્ટી બહેનોએ ક્રમશઃ ૫ ગોલ્ડ દાતા, ૧૨ સિલ્વર દાતા અને ૯ અન્ય દાતાઓનું સન્માન કર્યું. ઓડીટોરીયમ માટે શ્રી મેઘભાઈ ખોના, કલાકારો શ્રીમતી પ્રીતિ તથા શ્રી દીપકભાઈ શાહ, શ્રી લલિતભાઈ શાહ અને સંચાલિકા શ્રીમતી હેમા શાહનું પણ બહુમાન કરવામાં આવ્યું.

હર્ષા ધરમશીએ આભાર વિધિ સંપન્ન કરી. મધ્યાંતરમાં ભોજન વ્યવસ્થાનો લાભ લઈ પ્રેષકોએ રાગા પિયાનિસ્ટ દિપક શાહ અને તેમના ગ્રુપ દ્વારા બોલીવુડના સદાબહાર અને સમકાલીન ગીતોનું સુમધુર નવસર્જન માણ્યું. જાણીતા ગુજરાતી ગીતો સાંભળી સૌ કોઈ ઝૂમી ઉઠ્યા અને કચ્છી ગીતોના તાલ પર રાસની રમઝટ જામી! ૫ લક્કી ડ્રો રાખવામાં આવેલ જેના સ્પોન્સર મહાવીર સારીઝ (માટુંગા), જેમણે બે ઈનામો આપ્યા, ખીરેશ લલિત પટેલ (મસ્જિદ બંદર) - ફેશન જ્વેલરી, Invest n Rest, ઈન્સ્યુરન્સ એડવાઈઝર વૈશાલી શાહ - ચેંબુર (ગીફ્ટ હેમ્પર) અને Fly High Travels ના ઋષભ મોતા હતા .

પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા યોજાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અવનવી ઉજવણી 'અનન્યા', પધારેલ સર્વેનાં હૃદયમાં એક અનોખા અનુભવની લાગણી પ્રેરીને આ સાંજને સહુને માટે યાદગાર બનાવી ગઈ.


With Best Compliments from

BLUE MOON GROUP

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH
PARSHWANATH
ENTERPRISE PVT. LTD.
99309 82061 / 91672 44022
tilakshah60@yahoo.co.in
Veeran Shah - 99304 75442
CONTACT FOR
Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.

AVANI YASHWIN
HAPPY IN THE HEAD STUDIO
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP
98196 22325
happyintheheadstudio@gmail.com
ADDRESS
Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050

|| શ્રી અનંતનાથાય નમઃ ||

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

તા. ૦૪.૦૪.૨૦૨૦

તંત્રીશ્રી
પ્રકાશ સમીક્ષા

મહોદયશ્રી

વિષય – પ્રકાશ સમીક્ષા અંક -૧૬ તા. ૨૦ માર્ચ ૨૦૨૦ ના અંકમાં તંત્રી સ્થાનેથી છપાયેલ લેખ બાબત.

સહુ પ્રથમ પ્રકાશ સમીક્ષાના અંકમાં છપાયેલ ચુંટણી અધિકારી ઓ નો અહેવાલ કોઈ પણ ચાર્જ લીધા વગર ૬ થી ૭ પાનાં છાપેલ છે, તે વાત અનુમોદનીય છે તે બાબત ખુબ ખુબ આભાર.

બીજુ આ ચુંટણીના રોલપત્રક માટે મુંબઈ મહાજનશ્રી એ વસ્તીપત્રક ના ડાટા નો ઉપયોગ સામાન્ય સભામાં મંજુરી પ્રમાણે લીધેલ જેમાં ૫૫૦ મહિલાઓ (આંતરજ્ઞાતિય) હતી.
(કલમ ૭ પેટા કલમ ૩ મુજબ – જો કોઈ પણ અન્ય જ્ઞાતિની મહિલા, ઉપરોક્ત કલમ (૧)માં નિર્દેશ કરાયેલ જ્ઞાતિના પુરૂષ સાથે કાયદેસર પરણી હશે તે સભ્યના કુટુંબના ચાલુ વર્ષ સુધીના લાગા ભરપાઈ થયેથી અને પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ અરજી મંજુર થયેથી તથા તે બાદ તેવી મહિલાના લાગા ભરપાઈ થયેથી, અરજી મંજુર થવાની તારિખથી મહાજનશ્રીની સભ્ય ગણાશે.)
મહાજનશ્રી દ્વારા તપાસીને જે મહિલાના નામો મહાજનશ્રીના લાગા પત્રકમાં ચડેલા હતા તે નામો ને મતદાન યાદીમાં જોડવામાં આવેલ. પરંતુ ઘણા નામો વસ્તીપત્રક ના ડાટા સાથે મેચ ન થયા(નામમાં સ્પેલ્લીંગ ફરક)ને કારણે તે સમય ઉમેરાઈ શક્યા ન હતા.
પરંતુ ચુંટણીના દિવસે મહાજનના કાર્યાલય ને સૈન્ટ્રલ કાર્યાલય રાખી ચુંટણી મથકોના સંપર્કમાં હતા. કાર્યાલયમાં સતત બે માનદમંત્રી માંથી એક હાજર હતા અને તેમની હાજરીમાં અમોને ૧૦ થી ૧૨ ફોન અલગ અલગ મથકમાંથી આંતરજ્ઞાતિ મહિલાઓના સભ્ય હોવા વિશે , જેની વિગત લઇને જો તે નામ આમેજ થયેલ હોય તો તેમને ચુંટણી અધિકારી અને માનદમંત્રીના પુછી બાદ મતદાન નો અધિકાર આપવામાં આવેલ. જેની વિગત આપનાં માહિતી માટે સાથે જોડેલ છે.
સામાન્ય રીતે રોલ પત્રક મહાજનશ્રીમાં ફેરફાર માટે, નામ જોવા માટે ખૂલું રાખવામાં આવે છે પણ આપણા જ્ઞાતિની સુસ્તતા કે રોલ પત્રક જોવા માટે કે ફેરફાર માટે માત્ર ૪ થી ૫ લોકો આવેલ અને તે પણ ચુંટણીમાં ફોર્મ ભરેલ એટલે સરનામા ફેરફાર માટે આપેલ બાકી એક પણ જ્ઞાતિજને તેનો લાભ લીધેલ નહીં.

**vote sanction for Intercaste**

| sr no | mst no | name | centre | village | city | reason | code | L/F |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1932 | chhaya pankaj lalka | goregaon | beraja | goregaon | spelling mistake | inter caste | 101470 |
| 2 | 8713 | nayna tilak lodaya | goregaon | khavdi moti | goregaon | spelling mistake | inter caste | 103483 |
| 3 | 11074 | reema prince mota | bhandup | raydhanjar | bandup | spelling mistake | inter caste | 101076 |
| 4 | 11219 | rina kalpesh vikamshi | dombivali east | suthri | dombivali | spelling mistake | inter caste | 103014 |
| 5 | 11699 | sangita ramesh nagda | dombivali west | rangpur | dombivali west | spelling mistake | inter caste | 103279 |
| 6 | 1381 | bhavna pramod soni | mulund | suthri | mulund | spelling mistake | inter caste | 102309 |
| 7 | 6996 | leena atul dharamshi | bhandup | lala | bandup | spelling mistake | inter caste | 101847 |
| 8 | 10972 | rashmi kulin lodaya | dombivali | arikhana | dombivali west | spelling mistake | inter caste | 103567 |
| 9 | 10119 | pravina manish lodaya | dombivali west | vanku | dombivali west | spelling mistake | inter caste | 101896 |
| 10 | 11679 | sangita abhay lodaya | dombivali west | aarikhana | dombivali | spelling mistake | inter caste | 100677 |

લિ.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ વતી

રમેશ હીરજી લોડાયા અને ચેતનકુમાર ખીમજી મોમાયા

- માનદ મંત્રીઓ


શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI

(Registered under Bombay Public Trust Act. 1950, Reg. No. A-1736 (BOM.) Dated 25-6-1953)

Shri Anantnathji Maharaj Jain Derasarji, 302/306, Narshi Natha Street, Shree Anantnathji Chowk, Mumbai - 400 009. • Tel.: 2344 8274

શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. • ફોન: ૨૩૪૪ ૮૨૭૪

Email : anantnathderasar@gmail.com


તંત્રીશ્રી, પ્રકાશ સમીક્ષા

મહોદયશ્રી

વિષય - પ્રકાશ સમીક્ષા અંક -૧૬ તા. ૨૦ માર્ચ ૨૦૨૦ ના અંકમાં તંત્રી સ્થાનેથી છપાયેલ લેખ બાબત.

સહુ પ્રથમ પ્રકાશ સમીક્ષાના અંકમાં છપાયેલ ચુંટણી અધિકારીઓનો અહેવાલ કોઈ પણ ચાર્જ લીધા વગર ૬ થી ૭ પાનાં છાપેલ છે, તે વાત અનુમોદનીય છે તે બાબતે ખુબ ખુબ આભાર.

બીજું આ ચુંટણીના રોલપત્રક માટે મુંબઈ મહાજનશ્રી એ વસ્તીપત્રકના ડાટાનો ઉપયોગ સામાન્ય સભામાં મંજૂરી પ્રમાણે લીધેલ જેમાં ૫૫૦ મહિલાઓ (આંતરજ્ઞાતિય) હતી.

(કલમ ૭ પેટા કલમ ૩ મુજબ - જો કોઈ પણ અન્ય જ્ઞાતિની મહિલા, ઉપરોક્ત કલમ (૧)માં નિર્દેશ કરાયેલ જ્ઞાતિના પુરૂષ સાથે કાયદેસર પરણી હશે તે સભ્યના કુટુંબના ચાલુ વર્ષ સુધીના લાગા ભરપાઈ થયેથી અને પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ અરજી મંજુર થયેથી તથા તે બાદ તેવી મહિલાના લાગા ભરપાઈ થયેથી, અરજી મંજુર થવાની તારિખથી મહાજનશ્રીની સભ્ય ગણાશે.)

મહાજનશ્રી દ્વારા તપાસીને જે મહિલાના નામો મહાજનશ્રીના લાગા પત્રકમાં ચડેલા હતા તે નામો ને મતદાન યાદીમાં જોડવામાં આવેલ. પરંતુ ઘણા નામો વસ્તીપત્રક ના ડાટા સાથે મેચ ન થયા(નામમાં સ્પેલ્લીંગ ફરક)ને કારણે તે સમય ઉમેરાઈ શક્યા ન હતા.

પરંતુ ચુંટણીના દિવસે મહાજનના કાર્યાલયને સેન્ટ્રલ કાર્યાલય રાખી, ચુંટણી મથકોના સંપર્કમાં હતા. કાર્યાલયમાં સતત બે માનદમંત્રીમાંથી એક હાજર હતા અને તેમની હાજરીમાં અમોને ૧૦ થી ૧૨ ફોન અલગ અલગ મથકમાંથી આંતરજ્ઞાતિ મહિલાઓના સભ્ય હોવા વિશે , જેની વિગત લઇને જો તે નામ આમેજ થયેલ હોય તો તેમને ચુંટણી અધિકારી અને માનદમંત્રીના પુષ્ટી બાદ મતદાનનો અધિકાર આપવામાં આવેલ. જેની વિગત આપની માહિતી માટે સાથે જોડેલ છે.

સામાન્ય રીતે રોલ પત્રક મહાજનશ્રીમાં ફેરફાર માટે, નામ જોવા માટે ખૂલું રાખવામાં આવે છે પણ આપણા જ્ઞાતિની સુસ્તતા કે રોલ પત્રક જોવા માટે કે ફેરફાર માટે માત્ર ૪ થી ૫ લોકો આવેલ અને તે પણ ચુંટણીમાં ફોર્મ ભરેલ એટલે સરનામા ફેરફાર માટે આપેલ બાકી એક પણ જ્ઞાતિજને તેનો લાભ લીધેલ નહીં.

# SAMAST MAHAJAN COVID ACTIONS AND PROGRESSING ON GNYATI ROADMAP 2025

**Dear Kdo brothers , sisters and vadils**

COVID 19.. Has hit the entire human race and life systems very hard globally.

Many disruptions have taken place in the globe, our country and our cities, our professional and personal lives too. Since the outbreak of covid, ¡SAMAST MAHAJAN immediately rose upto the occasions and started Various campaigns

We started with small video message's on the mahasamiti group on general awareness of lock down .i was happy to see immediate community reactions and requests that Samast should do something to help our community members for corona situation . many suggested we should give financial help ? many said we should give food ?many said we should give business loans ..we had internal brain stroming and decided we will adopt 3 missions

a) To set up a medical helpline through our medical comitee, taking the help of community doctors.in Samast Mahajan everything has to be verified before action, as it is I personally believe in strong planning before actions, we are apex KDO body and have to be very carefull when it comes to national initiatives. we first checked the legality of the help line and reaised that only government can give information or their helplines are only allowed and thus we started medi assist for general medical assistance by our gnyati doctors and phycologists during gnyati samelan 2018, we had made a directory of 300 plus gnyati doctors out which many came forward and have started giving their valuable time for gnyati this activity was done during lockdown period and shows how our medical team and other support system of Samast are active and passionate about their social commitment.

b) Our Samast yuva team also got into action through social media and have been regularly intesting fitness videos on insta and facebook .

c) We initiated the KDO global card activity and tried to make use of the lockdown by integrating the payment gateway on the website and now our gnyati can pay online for the global card.

d) We still intend to start business webinars and swaroj (women empowerement) webinar series which will happen soon.

My personal thoughest on the covid pandemic

Covid is a global pan-demic and here to stay for long, we all will have to learn to live with it and change a lot in personal and profeesional lives

Personal lives # we have to generally live clean and keep social distance # we have to be high on immunity and all foods and activities to be done to support that # counselling and talking to family members #be ready for emergencies like home quarantine # detail planning of if at all family member has covid # new ways of keeping self engaged (online vasses/online work /online meetings)



Professional lives

# leran to work from home #plan for economic and business impacts #research heavily on government schemes and bank schemes for business #dont just wait and think "jo sabka hoga who apna hoga #do your finance calculations in detail #reduce your cash flow out .#motivate your important employees by talking to them and enagaging with them #

Samast Mahajan as you all know is commited for gnyati upliftment and service at all times .

Let me take his opppurtunity to brief the community again about Samast Mahajan , although each and every house of KDO have been sent the Samast aehwal (report card ) and brief profile just in march as we had planned a very large and noble programme called MAHADAN which could not take place due to COVID LOCK DOWN , however we stay commited to execuete this programme as soon as covid is bit relaxed.

**SAMASTH ROAD MAP 2025 AND KEY MILESTONES**

**KEY MILE STONES**

1) SAMASTH MAHAJAN LEADERSHIP SUMMIT 2017

2) SAMASTH MAHAJAN NEW GOVERNING BODY INSTALLED MAY 2018

3) SETTING UP OF WORKING COMITEES JUNE 2018

4) 4 GNYATI SAMELAN :NALIYA DECEMBER 2018

5) INITIATED ALL COMMITMENTS OF SAMELAN 2018 IN FEB 2019

6) ALL PROJECTS LAUNCHED THROUGH MAHAJAN MEDAVDO MAY 2019

MAY 2019 TO APRIL 2020 WORK DONE VERY BRIEF SNAPSHOT …

SANJEEVANI PATRON AND CROWD FUNDING SCHEME GAVE RELIEF TO 18 CASES WITH MORE THAN 35 LAKHS OF GNYATI CONTRIBUTION TO NEEDY

60 SWASTH MITRAS NATIONALLY WERE DEVELOPED, TRAINING AND CORDINATION DONE

FREE OPINION AND MEDI HELPLINE OF DOCTORS AND PHYCOLOGIST INITIATED

WORLD HEART DAY CELEBRATED

SENIOR CITIZEN SEMINARS ORGANISED IN 4 CITTIES

NATIONAL JOB FAIR BY YUVA

NATIONAL CYCLING INITIATIVE

BEACH CLEAN UP DAY
DIVYANG SNEHMILAN
DIVYANG PENSION (2 MAJOR INSTALLMENTS GIVEN AND BALANCE IN PROGRESS)
DIVYANG STALLS AND CORDINATION
KDO GLOBAL CARD BENEFITS EXTENDED TO HOSPITALS/SHOPS /RESTAURANTS
WEBSITE AND SOCIAL MEDIA UPDATIONS
KUTCH LAND DISPUTE SOLUTION TO 4 GNYATI PERSONS
COLLEGE TIE UPS WITH 3 COLLEGES
INDUCTION OF NEW TRUSTEES AND MAHASAMITI MEMBERS
AND LIST GOES ON AND ON ……….
GOALS AND ROAD MAP 2025
SANJEEVANI : A 100 5 SELF RELIANT ACTIVITY WITH 1000 ACTIVE PATRONS
KDO GLOBAL CARD: MINIMUM 15000 ACTIVE CARD HOLDERS
DIVYANG : 100 % ENAGAGED DIVYANGS WITH SELF EARNING CAPABILITIES
START OF SWAROJ DIRECTLY OR THROUGH INDIRECT HELP
BUSINESS NEWORKED COMMUNITY THROUGH BUSINESS APP
SENIOR CITIZEN CENTER

The above are our goals but let me clearly appeal to all the KDO s through prakash Samiksha medium , we can and we will together be a unique community development model . this is possible as we are largely mapped and are small in numbers and also are very heavily networked , from day 1 I have been very vocal that all of us should take advantage of the unique majahan system and organisation which our fore fathers have created . the idea is to be self sufficient and self governed ,it is evident that even developed nations cant support citizens endlessely in the areas of health and finance .we have to be self sustaining strong community which is very much possible.

How is this possible ?

Only way..unity ?unity ?unity ? we need to synchronised approach and long term firsm stratergy .samasth as an apex body is trying to do this but still need huge support from entire gnyati .a simple database management f our community also operated in different silo , we have various trusts and many independednt organisatios . we can only be successful if all stake holders come together and we act under 1 visionand 1 goal , our programmes and sches should not be duplicated .

Once again I am sure that KDO will emerge as a strong indipendednt and united community ..we all need your support and blessings.

Thank you

**- Nishith Dand,**
**Secretary General-Samasth Mahajan**


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ : મહેશ ખીમજી લાલકા
# કચ્છ એકમના ડાયનેમિક લીડર મહેશ ખીમજી લાલકા



શ્રી મહેશ ખીમજી લાલકા, વારાપધર હાલ કચ્છ એકમના પ્રમુખ ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામના સેક્રેટરી (માનદ મંત્રી) છે. આ ઉપરાંત મહેશભાઈ અચલગચ્છ જૈન સંઘ આદિપુરના ટ્રસ્ટી નવલબાઈ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીધામના ટ્રસ્ટી, વારાપધર ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી, સમસ્ત મહાજનની મહાસમિતિના સભ્ય, તેમજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ આદિપુરની વ્યવસ્થાપક સમિતિના સભ્ય છે.

મહેશભાઈ રીયલ એસ્ટેટ, ફાર્મિંગ, સોલ્ટ વ્યવસાયમાં છે અને માઈન્સની માલિકી પણ ધરાવે છે. તાજેતરમાં કચ્છ એકમની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવા તેમની સાથે વાત કરવાનો મોકો મળ્યો. કચ્છ એકમના કાર્યક્ષેત્રમાં લગભગ ૨૬ ગામ અને શહેર આવે છે. જેમાં ગાંધીધામ, આદિપુર, અંજાર ભુજ, નલિયા, કોઠારા, જખૌ, તેરા, સુથરી વગેરેનો સમાવેશ થાય છે. હાલના તબક્કે કચ્છમાં કેડીઓ જ્ઞાતિના ૬૦૦ જેટલા ઘર છે.

કચ્છ એકમે ગાંધીધામ વિસ્તારને બાદ કરતાં કચ્છમાં રહેતા બધાજ પરિવારોનો પરિવાર દીઠ રૂા. એક લાખની રકમનો અકસ્માત વીમો કરાવ્યો છે જેનું પ્રીમિયમ રૂા. ૨૮૪ થી રૂા. ૩૧૦ છે જે પરિવારોની શક્તિ ન હોય તેમના પ્રીમિયમ કચ્છ એકમ દ્વાર ભરવામાં આવે છે. મોટાભાગના પરિવારોએ પોત પોતાના પ્રીમિયમ ભરી દીધા છે. આ ઉપરાંત કચ્છ એકમ તરફથી વ્યક્તિ દીઠ રૂા. ૧૨૦૦૦/- દર વર્ષે મેડીકલ સહાય પેટે આપવામાં આવે છે. હાલને તબક્કે ૭૦ જેટલી વ્યક્તિઓ આ યોજનાનો દર વર્ષે લાભ લઈ રહી છે.

કોવિડ (કોરોના વાયરસ ડીસીઝ ૨૦૧૯)ના અનુસંધાનમાં કચ્છ એકમે ૧૩૮ વ્યક્તિઓને કુટુંબ દીઠ રૂા. ૧૫૦૦/-ની એપ્રિલ ૨૦૨૦ માટે સહાય આપી છે અને એટલી જ સહાય મે ૨૦૨૦ માટે પણ આપવામાં આવશે.

કચ્છ એકમના આ ડાયનેમિક લીડર શ્રી મહેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

– ડૉ. હીરાચંદ દંડ

# શ્રી મુંબઈ ક.દ.ઓ. મહાજનનો જગતભરના ક.દ.ઓ. જૈન માટે સંદેશ

જય જયશ્રી અનંતનાથ

સર્વ જ્ઞાતિજનો પરસ્પર જોડાઈને રહે તે માટે સારા- નરસા પ્રસંગો તથા રોજબરોજની જ્ઞાતિ લક્ષી પ્રવૃતિઓથી માહિતગાર રાખવાના આશયથી ૨૦૧૦ માં આપણે એસએમએસ સેવા ચાલુ કરી જેને સર્વ જ્ઞાતિજનોએ ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપ્યો અને આ એકમાત્ર વિકલ્પ એ જ્ઞાતિ ની રોજિંદી જરુરીયાત બન્યું.

આપણી જ્ઞાતિના કુશળતા ભર્યા દરેક અનોખા પ્રારંભને અન્ય જૈન સમાજ અને ઇત્તર સમાજોએ પણ અપનાવ્યા છે.

હવે SMSના સ્થાને સમયની માંગ મુજબ ૨૦૨૦ થી WHATSAPP સેવા પ્રારંભ કરતા જ આપ સૌએ આ સેવા ને બીરદાવિ છે.

આ સેવાનો વધુમાં વધુ ઉપયોગ લઈ સૌ જ્ઞાતિજનો આમાં જોડાઈ જાઓ એવી નમ્ર વિનંતી.

આ સેવા નવા રંગરૂપ સાથે સચોટ રીતે દરરોજ મુંબઈ મહાજન/ ટ્રસ્ટના તથા અન્ય મહાજન- મંડળ - સંસ્થાના સમાચાર વિધીવત આપની પાસે પહોંચતા કરશે.

નવી પદ્ધતિ ને સહર્ષ અપનાવવા બદલ ફરી એકવાર આપનો આભાર.

– મુંબઈ મહાજન IT સમિતિ
convener જયેશ વીજય મોમાયા તથા ટીમ
મુંબઈ મહાજન માનદ મંત્રી ચેતન મોતા, રાજૂલ પટેલ

# પુષ્પ

વસંતઋતુનો સમય હતો. ખુશનુમા વાતાવરણ હતું. વર્ષાઋતુની સમાપ્તિ બાદ ધરતી તૃપ્ત હતી. વધુ પાણીની આવશ્યકતા ન હતી. ઠંડી હવાની લહેરો વાતાવરણને વધુ રોમાંચિત કરતી હતી. દરેક જીવો માટે શાતામય વાતાવરણ હતું. ઠેકઠેકાણે માત્ર ને માત્ર આનંદ જ હતો.

હું એવા પરિસરમાં અવતરવાનો હતો જેની મને કોઇ કલ્પના ન હતી. હા! એટલું ચોક્કસ કહીશ કે મારો ભુતકાળ કેવો હતો! એકેન્દ્રિય જીવયોનીમાં મેં અનેક ભવો કર્યા. તેમાં વિશેષ તો વનસ્પતિકાયના ભવો. હું આપને મારા ભુતકાળમાં લઇ જઉં.

નિગોદની અંનતરાશીમાંથી મારા જીવે કોઇક કેવળીના મોક્ષગમનથી હું વ્યવહાર રાશીમાં આવતાં જ મારો વનસ્પતિ જીવાયોનીમાં પ્રવેશ થયો. મહાદુઃખમાંથી મુક્ત થઇ અંશિક સુખની પ્રાપ્તિ થાય તેવા વનસ્પતિ પ્રજાતિમાં કાંટાળા વૃક્ષોની યોનીમાં વિસ્તર્યો. હું એ કેવળી મહાત્માના હૃદયપૂર્વક આભાર માની તેમનો સદાય ઋણી બન્યો.

અનેક ભવભ્રમણા અનેક પ્રકારના વનસ્પતિ કાયના જીવોમાં જન્મમરણ થતાં રહ્યાં. લાંબી-ટૂંકી આયુષ્ય, નાના છોડથી મહાવૃક્ષોમાં, જડીબુટ્ટી જેવા વનસ્પતિમાં, કંદમૂળ જેવી સાધારણ વનસ્પતિ કાર્યમાં, લોકોની ક્ષુધા શાંત કરવા શાકભાજી, કઠોળ તેમજ અનાજના વિવિધ જાતિમાં કર્માધિન જન્મ મરણ થતાં રહ્યાં. પરંતુ મારી ભવભ્રમણા ન ખૂટી.

એક મહાત્માના ચરણસ્પર્શે મારુ ભાગ્યોદય ઉઘડ્યું. આયુષ્ય સંપન્ન થતાં જ મારો જન્મ પુષ્પની ઉચ્ચ પ્રજાતિ ગુલાબના છોડમાં પુષ્પરુપે જન્મ થયો. હા મારા જે ક્ષેત્રમાં જન્મ થયો ત્યાં અલગ અલગ પ્રજાતિના અને વિવિધ વર્ણના પુષ્પો ઉગ્યા જ હતાં. પણ વિશેષતા અમારી અનોખી હતી. હું જે ક્ષેત્રમાં જન્મ્યો તે ક્ષેત્ર ફળદ્રુપ હતો. જેમાં ગલગોટા, જાસવંતિ, જુઇ, ચમેલી, ચંપો, મોગરો, સુગંધ વાળા અને સુગંધ વગરના પણ શોભાયમાન થનાર પુષ્પોની વાટિકા હતી.

પુષ્પની પ્રજાતિઓ પૂર્ણ વિકાસ થયા બાદ તેમને ચૂંટવામાં આવતા. જેમાં તેમનો ઉપયોગ ઘરના તોરણ, ફુલોના બુકે, કોઇના દિવાનખાને ગુલદસ્તામાં, સંસારિકના ગળાની માળા, કોઇક સંસારિકના મરણે કબ્રસ્તાન કે તેમના મૃતકના શરીર ઉપર શોભાયમાન થતાં. તેથી વિશેષ તેઓ માન પામ્યા પણ ભવોન્નતિ તો નહીં જ!

હું કલીમાંથી વિસ્તરણ થતાં યૌવનવયે પહોંચ્યો. મારુ રુપ ખૂબજ સુંદર હતું. વિશિષ્ટ ખુશ્બુ મારા શરીરમાં કર્માધિને હતી. કેમકે એક મહાત્માના ચરણસ્પર્શ થતાં હું વિશિષ્ટ જાતિમાં જન્મ્યો તે વૃતાંત અગાઉ જણાવ્યું છે. એક જૈન શ્રાવક મારા ઉપર મોહી પડ્યો. તેમણે મારા પરિવારમાં યૌવન થયેલા પુષ્પોને ચૂંટવા લાગ્યો, પુષ્પના કરંડીયામાં એણે મને અલગ ગોઠવ્યો.

હું કરંડીયામાં બેસાડી મને અને મારા પરિવાર ભાંડુઓને જિનાલયે લઇ આવ્યો. પરમતારક તીર્થંકર પરમાત્માને ત્રણ પ્રદક્ષિણા આપી, તિલક ઘરમાં ગયો. ત્યાં સુંદર થાળીમાં અમને રાખી મને અલગ જ ગોઠવ્યો. અમારી બાજુમાં કેસર ચંદન ભરેલી વાટકી પણ રાખી તેમાં એક વિશેષ પ્રકારની સુગંધ આવતી હોવાથી હું ઝાંખો પડ્યો. પણ મારી શોભાથી હું મદમાં હતો. અમને ધૂપાદિથી સુશોભિત કર્યો.

ગર્ભગૃહમાં પ્રવેશી શ્રાવકે કેસર પૂજા કરી બાદ તારક તીર્થંકરની શોભા વધારવા આંગીના ભાગરુપે અમારા પરિવારના એક પછી એક જણાને પ્રભુજીના પ્રત્યેક અંગે ચડાવવા લાગ્યા. શ્રાવકે મારા એક ભાઇના શરીરની પાંખડીઓ જ તોડી નાખી અંગેઅંગ વિચ્છેદ કરી તેને મારી નાખી પ્રભુના શરીરની શોભા વધારવા લાગ્યો જે મને ઉચિત ન લાગ્યું. આવી ભક્તિ શું કામની જેમાં હિંસા જોડાયેલી હોય! મને ભારી દુઃખ થયું. મારા દરેક ભાઇઓ પ્રભુજીના પ્રત્યેક અંગે ગોઠવાયા. હજી મસ્તકનો ભાગ બાકી હતો. શ્રાવકે મને થાળી માંથી ઉંચકી જિનેશ્વરના શીરે શોભાયમાન કર્યો. હવે હું વધુ શોભાયમાન થવા લાગ્યો.

મારું અભિમાન છલકાવા લાગ્યું. હું પોતાને જ શ્રેષ્ઠ માનવા લાગ્યો. કેમકે તેના કારણો ઘણાં જ હતાં. વિશિષ્ટ પ્રજાતિઓ, સુગંધ અદ્વિતીય, પૂર્ણપણે યૌવન પ્રાપ્તીએ ખીલેલો, વર્ણ ગુલાબી, પાંખડીઓ સવિસ્તરેલ એટલે મારો એક વિશેષ ઠાઠ હતો. તેમાં પણ દેવાધિદેવ તીર્થંકર પરમાત્માના શીરે હતો એટલે વિશેષ ઠાઠ હતો.

મારા અભિમાન મને ડુબાડ્યો, એક બહેને કેસર પૂજા કરવાં જતાં જ તેની આંગડી લાગતાં હું ભોંયભેગો થયો. તેણે મને ઊંચકી પ્રભુજીના પાદશીલા ઉપર ગોઠવ્યો. હવે મને મારી ભૂલ સમજાઇ પણ બહું જ મોડું થયું હતું. આ ભવ મને ઉર્ધ્વગતિએ લઇ જનાર હતો. મને ભારે અફસોસ થયો, મારા ભાઇઓ પ્રભુજીના ચરણે શોભી રહ્યા હતાં.

– લિ. જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (વારાપધર-ડોંબિવલી)

## સમાચાર સંપાદન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી નવકાર ગ્રુપ વિરાર દ્વારા સાધર્મિક અનાજ વિતરણ

આશિર્વાદ : પૂ. શ્રી જયંતભાઈ રાહી, સંસ્થાપક : ડો. હર્ષભાઈ દેઢિયા, પુરા દેશમાં જે લોક ડોઉન ની પરિસ્થિતિ ચાલી રહી છે તેથી શ્રી નવકાર ગ્રુપ - વિરાર દ્વારા ચાલતા સાધર્મિક અનાજ વિતરણ મા જે સાધર્મીકો લાભ લઇ રહયા છે તેમને અનાજ સાથે મસાલાની કીટ નવકાર ગ્રુપના કાર્યકર્તાઓની મદદથી ઘરપહોંચ કરેલ છે.

જરૂરતમંદ જ્ઞાતિજનો માટે સંપર્કસેતુ : (અધ્યક્ષ)-રાજેશ મૈશરી-૯૮૨૦૧૯૫૩૦૧, (ઉપાધ્યક્ષ) મયુર દેઢિયા : ૯૮૯૨૦૯૨૭૬૦, (સહ કાર્યકરો) મધુબેન સૈયા, રમેશ મોતા, બિપીન સૈયા, દીપેશ સંગોઈ, કૈલેશ નિસર, પરસોતમ સોની, હરેશ છાડવા, ભાવિની છેડા, શીરીન દેઢિયા.

### માધાપરમાં કોરોના સીલ

માધાપરમાં એક વિદેશથી આવેલી વ્યક્તિ કોરોનાગ્રસ્ત પરવાર થતાં તેના નિવાસ વિસ્તાર કૃષ્ણાપાર્ક સહિત બીજા અનેક વિસ્તારોને આવરી લેતો ૩ કિ.મી.ની ત્રિજ્યા હેઠળના શિવમ પાર્ક, શ્રીજી નગર, ઓધવ બાગ, યક્ષ મંદિર, આરટીઓ, માધાપર રિંગરોડ, હીરાણી નગર, જૂના અને નવા વાસ, ગાંધી સર્કલ આશાપુરા મંદિર વગેરે સીલ કરી દેવાયા છે. **ક.દ.ઓ. જૈન મહાજન મંજલ રેલડિઆ** તાજેતરમાં ઉદભવેલી પરિસ્થિતિને અનુલક્ષીને ૧૩૮મો ધજા મહોત્સવ મુલતવી રાખેલ છે. આથી તા. ૩ મે ૨૦૨૦ના રોજ ટ્રસ્ટ તરફથી સ્થાનિક જૈન સમાજ સાદાઈસથી ધજા ચડાવશે.






### જલગામ નગરીમાં પ્રથમ જ વાર... છ ગાઉ ની ભાવયાત્રા ફેરી સંપન્ન

જલગામનાં... શ્રી. જૈન શ્વેતાંબર મૂર્તિપુજક શ્રી સંઘ દ્વારા સઁચાલિત... શ્રી. વાસુપૂજ્ય જૈન દેરાસરજીમાં... ફાગણ સુદ૧૩... તા. ૭મી માર્ચ, ૨૦૨૦ ના રોજે... આપણાં અચલગચ્છીય સાધ્વીવર્યા પ. પૂ. શ્રી. સંયમગુણાશ્રીજી મ. સા. આદી ઠાણા૪ ની નિશ્રામાં... જલગામના ઈતિહાસમાં... પ્રથમ જ વાર... શ્રી. સકલ ચતુર્વિધ સંઘમાં...શ્રી. શત્રુંજય તીર્થ છ ગાઉની ભાવયાત્રા ફેરીનું આયોજન... ભવ્યાતિભવ્ય રીતે... શ્રી. ધર્મનાથ જૈન નવયુવક મંડળના સથવારે... વાદ્યસંગીતસહ સંપન્ન થયેલ. આ ભાવયાત્રા ફેરીમાં... આપણાં શ્રી. ક.દ.વિ. ઓ. જૈન જ્ઞાતિજનોની સારી એવી સંખ્યા સાથે અન્યોની ઉપસ્થિતી પણ વિશેષ રહી હતી. ભાવ ફેરી યાત્રા બાદ... ભાતા માટે સુંદર પાલ નો આયોજન... શ્રી સંઘના મહિલા મંડળો દ્વારા કરવામાં આવેલ. આ માટે દેરાસરજીનાં ટ્રસ્ટીઓ... શ્રી. પ્રદીપભાઈ મુથા અને શ્રી. લલીતભાઈ લોડાયા તેમજ અન્યોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ.

### બ્રિટનમાં દસથી વધુ કચ્છી કોરોનાનો ભોગ

બ્રિટનના વિવિધ વિસ્તારોમાં રહેતા ૧૦થી વધુ કોરોના શિકાર બન્યા હોવાનું જાણવા મળે છે.

બ્રિટનમાં પ્રાયવેસી કાયદાના પરિણામે કોરોનાના કેટલા લોકો શિકાર થયા છે તેનો સ્પષ્ટ આંકડો મળતો નથી પણ માહિતીગાર સૂત્રોના જણાવ્યા મુજબ હાલ બ્રિટનમાં ૫૦ થી ૬૦ જેટલા કચ્છીઓ કોરોના સંક્રમણનો ભાગ બન્યા છે. આમાંથી ૧૦ થી વધુ કચ્છીઓ કોરોનાના લીધે અવસાન પામ્યા હોવાની શક્યતા છે. જોકે આ પૈકી ઘણા જૈફ વયના પણ છે. જે પહેલેથી જ સારવાર હેઠળ હતા.

### માનવસેવાની જ્યોત જગાવત કેડીઓ જ્ઞાતિજનો

વિપુલ ઠાકરશી પટેલ સાંધવવાળાએ તા.૨૩-૩-૨૦૨૦ થી આજ દિવસ સુધી થાણા,ભીવંડી,મુલુંડ, ઐરોલી, સુધી પોલીસ કમેચારી,બી.એમ.સી.કર્મચારીને બે ટાઈમ ચહા-નાસ્તો તથા બીસલેરી બોટલ,અર્પણ કરેલ છે.સાથે ચંદ્રેશ સોની, હીતેશ પટેલ, નેવીલ પટેલ, સેવાઓ આપી રહયા છે.

નીપેશ હિરાચંદ પટેલ બાંઢીયાવાળાએ તા.૨૩-૩-૨૦૨૦ થી આજ દિવસ સુધી ડ્રાઈવર, તથા કલીનરને

નહાવાસેવા,કલંબોલી,વાશી,ભિવંડી,સુધી ૨૫૦ ફુડ પેકેટ એક ટાઈમના અર્પણ કરે છે.

મુકેશ ખીમજી દંડ સાંધવવાળાએ તા.૨૩-૩-૨૦૨૦ થી તા.૩-૪-૨૦૨૦ સુધી દિપક રતીલાલ નાગડા કોઠારાવાળાએ વાપી મુકામે મજુરોને ૬૦ જણને એક ટાઈમ ફુડ પેકેટ બનાવીને અર્પણ કરે છે.

હેમંત શામજી મોતા નલીયાવાળા (લોનાવાલા) તરફથી બાલાગ્રામમાં ૧૭૦૦ કીલો અનાજ અર્પણ કરવામાં આવેલ છે.

ગીરીશભાઈ લોડાયા, નાગરાજ લોડાયા, સાંધવવાળા તથા તેજકુમાર ધરમશી, ઉમેશ ધરમશી, સુથરીવાળા તરફથી કર્ણાટકના લોકાપુરમાં અનાજની ૨૨૬ કીટો અર્પણ કરે છે.

આવા સર્વ વિરલાઓ, જે આવા કપરાકાળમાં સાધર્મિકોની સેવા કરી રહયાં છે. તેમની ખૂબ ખૂબ અનુમોદના.

**ફૂડ પેકેટ વિતરણ**

ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ દ્વારા સાંસદ મનોજ કોટકના સહયોગ અને પ્રેરણાથી ૪૦૦૦ જેટલા રેડી ટૂ ઈટ ફૂડ પેકેટનું ભાંડુપ સંઘના મનોજ લોડાયા અને કાર્યકરો તથા ભાજપાના ચૈતન્ય જૈનની ટીમના સહયોગમાં ભાંડુપના સ્લમ વિસ્તારમાં વિતરણ કરાયા હતા.

**અમદાવાદમાં સિમરન હેમેન્દ્રભાઈ તરફથી ચા-નાસ્તાનું વિતરણ**

અમદાવાદમાં ફરજ બજાવી રહેલા પોલીસ સ્ટાફને સિમરન હેમેન્દ્રભાઈ ધરમશી તરફથી ચા-નાસ્તાનું વિતરણ કરાયું હતું.

**મોટી સિંધોડી ક.દ.ઓ. મહાજન**

દેશમાં કોરોના સંકટને ધ્યાનમાં રાખીને શ્રી નેમિનાથ દાદાની ધજાનો કાર્યક્રમ વૈશાખ સુદ ૩ (અખાત્રીજ) શનિવાર, તા.૨૫-૪-૨૦૨૦ના સાદાઈથી ઉજવવાનું નક્કી કરેલ છે જેની સર્વે ગામવાસીઓએ નોંધ લેવા વિનંતી.

**ગુજરાતી પ્રકાશન જગતનો દીપ ઓલવાયો**

ગુજરાતી સાહિત્ય અને વિવિધ વિષયોના પ્રકાશનમાં પ્રવૃત્ત નવભારત સાહિત્ય મંદિરના સ્થાપક વાગડ ગુર્જર જૈન ધનજીભાઈ શાહ (કોરડીયા) અવસાન થતાં પ્રકાશન ક્ષેત્રનો એક ઝળહળતો દીપક બુઝાઈ ગયો છે.

નવભારત સાહિત્ય મંદિરના સ્થાપક ધનજીભાઈ શાહે પોતાના પ્રકાશન ગૃહની બે શાખાઓ સ્થાપી હતી. એક મુંબઈમાં અને બીજી અમદાવાદમાં ધનજીભાઈ શાહે પોતાના પ્રકાશન ગૃહ હેઠળ સંખ્યાબંધ નવા અને પ્રતિષ્ઠિત સાહિત્યકારોના પુસ્તકો પ્રકાશિત કર્યા હતા.

**કોવિડ-૧૯ વાયરસ રિઝર્વ ફોર્સ**

અત્યાર સુધી લગભગ નિયંત્રણમાં રહેલા કોરોના વાયરસના દેશમાં પ્રસારમાં જો અનિયંત્રિત વધારો થઈ જાય તો તબીબો અને હોસ્પિટલો પર કામનો બોજો વધી જાય. તેવા સમયે તેમના કામમાં મદદરૂપ થવા આયુષ મંત્રાલયે કોરોના ટ્રેનિંગ કોર્સ શરૂ કર્યો છે. જેમાં રાજ્યના હોમિયોપેથ, આયુર્વેદિક તબીબ તથા પેરા મેડિક્સને ઓનલાઈન ટ્રેનિંગ આપવામાં આવે છે.

આ કોર્સમાં દર્દીની કેસ હિસ્ટરી ચેપ પ્રસાર અટકાવવા માટેની તકેદારી વગેરે શીખવવામાં આવે છે. આ પ્રશિક્ષિત વર્ગને જરૂરિયાત પડે બોલાવવામાં આવશે આપણી જ્ઞાતિના ડૉ. ધારિણી નાગડા અને ડૉ. શ્રીમતી મહેક મનીશ શાહે ટ્રેનિંગ સર્ટિફિકેટ પ્રાપ્ત કર્યો છે.

**માધુબાપા ગયા કચ્છી ભાષાને અપૂરણીય ખોટ**

કચ્છી ભાષાની આજીવન જ્યોત જગાડનારા કચ્છના ગાંધી તરીકે ઓળખતા કવિ માધવ જોષી (અશ્ક)નું ૯૨ વર્ષની જૈફ વયે નારાયણ સરોવરમાં ૧૨ એપ્રિલના રોજ અવસાન થતાં કચ્છી ભાષાના સાહિત્યને પૂરી ન શકાય એવી ખોટ પડી છે.

માધુબાપાના નામે વિખ્યાત કવિ શ્રી (અશ્ક)ને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું રાષ્ટ્રીય પુરસ્કાર, કચ્છ સાહિત્ય અકાદમીના ગૌરવ પુરસ્કાર સહિત અનેક ઓવોર્ડ્સથી સમ્માનિત કરવામાં આવ્યા હતા.

**તપસ્વી રત્ન પ.પૂ.મુની નંદીવર્ધન સાગર મ.સા. કાળધર્મ પામ્યા**

અચલગચ્છ સંપ્રદાયના પ.પૂ.કમલસાગરજી મ.સા.ની નિશ્રામાં વિરાજમાન તપસ્વીરત્નમુનીશ્રી નંદીવર્ધન સાગરજી મ.સા. તા. ૪ એપ્રિલ ૨૦, શનિવારના દિને રાત્રિ ૯.૨૦


Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

વાગ્યે ગૌતમ ગુણ વિહાર જૈન ધામ ધુમટી ખાતે ૯૧ વર્ષની આયુ પૂર્ણ કરી કાળધર્મ પામ્યા છે.

મ.સા.ની તપસ્યામાં ૨૭ માસ ખમણ, ૧૧૪ વર્ધમાન તપ, ૨૦ આયંબિલ ઓળી, ૪૦૦ સ્થાનિક તપ ઉપવાસ ૩ વર્ષી તપ આદિ નોંધાયા છે. પાલખી રવિવાર તા. ૫ એપ્રિલના રોજ સીમિત સમુદાયની હાજરીમાં આયોજીત થઈ હતી.

### અન્ય જિલ્લાઓમાંથી કચ્છમાં પ્રવેશ બંધ

કચ્છના રણના ચોર રસ્તાઓ સહિત અન્ય જાહેર કે ગુપ્ત માર્ગે બહારના જિલ્લામાંથી કચ્છમાં કોઈપણ પ્રવેશ ન કરી શકે તે માટે કચ્છ પોલીસે, ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે.

આ રસ્તાઓમાં સુરજ બારી પાસેનો કાચો રસ્તો, આડેસર ચેક પોસ્ટ ઉપરાંત રણમાંથી અન્ય કેટલાક ચોર, દુર્ગમ અને જોખમી રસ્તાઓ છે. એ બધા જ રસ્તા હવે કડક ભાતા હેઠળ મૂકવામાં આવ્યા છે.

### કોરોના વાયરસની સંરચના શોધાઈ

ગુજરાત બાયોટેક રીસર્ચ સેન્ટરે દેશમાં પહેલી જ વાર નાવેલ કોરોના વાયરસના ઝનીન વિશ્લેષણમાં સફળતા મેળવી છે. આ સફળતાના પગલે ટેસ્ટિંગ કિટ બનાવવામાં મદદ મળશે.

આ કોરોના વાયરસની એક વધુ લાક્ષણિકતા એ જોવા મળી છે કે સામાન્ય પણે વાયરસ તેના મૂળ સ્વરૂપથી હોસ્ટ અને વાતવરણ મુજબ બદલાઈ જતા હોય છે કે તેમના મૂળ બંધારણમાં થોડો ઘણો ફરક પડતો હોય છે. પણ કોરોના વાયરસમાં દર મહિને બે વખત બદલાવ જોવા મળતો હોય છે. એમ સેન્ટરના ડિરેક્ટર ચૈતન્ય જોશી અને જોઈન્ટ ડિરેક્ટર માધવી જોશીએ ઉમેર્યું હતુ કે સેન્ટરને વાયરસના ત્રણ નવા બદલાવ શોધવામાં સફળતા પણ મળી છે.

### હાઈડ્રોક્સીક્લોરોક્વિનનું ગુજરાતમાં ઉત્પાદન

ગુજરાતના ફાર્મા ઉદ્યોગે એક મહીનામાં હાઈડ્રોક્સીક્લોરોક્વિનની ૨૦ કરોડ ટેબ્લેટનું ઉત્પાદન કર્યું છે. ભારત સરકારે આમાંથી યુએસ, સ્પેન, જર્મની, બહેરીન, બ્રાઝિલ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા, અફઘાનિસ્તાન. માલદીવ અને બંગલાદેશ સહિત ૧૩ દેશોને આ ટેબલેટ્સની નિકાસ કરવાની મંજૂરી આપી છે.

અત્ર ઉલ્લેખનીય છે કે આ દવાની શોધ આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોયે કરી હતી ઉત્પાદન માટે બેંગાલ કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ નામની ઔદ્યોગિક કંપની પણ સ્થાપી હતી જે હાલ સાર્વજનિક ઉદ્યમ તરીકે સક્રિય છે.

ગુજરાત આ સિવાય વેન્ટીલેટર્સ, પીપીઈ અને વિવિધ માસ્કનું પણ ઉત્પાદન કરે છે.

### રોબાટિક દીપ પ્રાગટ્ય

એપ્રિલ ૫ના વડાપ્રધાન મોદીજીના આવાહનને અનુલક્ષી મહેંદી ક્વિન વીણાબેનના સુપુત્ર ભાવીન નાગડા એમ.એસ. (આર્કિટેક્ચર એન્ડ રોબીટિક્સ સાનફ્રાન્સિસ્કો)એ રોબોટમાં વિશેષ પ્રોગ્રામ સેટ કરી તા. ૫ના રાત્રે ૯ વાગ્યે ૯ મિનિટ સુધી મીણબત્તી પ્રગટાવી એક નવી દિશાના દ્વાર ખોલી આપ્યા હતા.

### યવતમાલ જૈન મૂર્તિપૂજક સંઘનું પી.એમ.કેયર્સ ફંડમાં સહયોગ

યવતમાલ જૈન મૂર્તિપૂજક સંઘના પ્રમુખ શ્રી અશ્વીન કેશવજી ધરમશી (નલિયા) યવતમાલના જણાવ્યા પ્રમાણે સંઘવતીથી પીએમ સીટીઝન્સ અસિસ્ટન્સ એન્ડ રિલીફ ઈન ઈમરજન્સી (પી.એમ. કેયર્સ) ફંડમાં ફાળો આપ્યો છે.

### વર્લ્ડ સ્પેરો ડે

વધતી જતી ગરમી અને ઘટતી જતી ચકલીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને જૈન ફાઉન્ડેશન મુકેશ માણેકજી લોડાયા, જૈન દ્વારા વર્લ્ડ સ્પેરો ડે (માર્ચ ૨૦)ના ઉપક્રમે તારીખ ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૦ ના કોચીની ગવર્મેન્ટ સ્કૂલ, પલ્લુરતીમાં માટીના કૃત્રિમ માળા વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવેલ. આ તબક્કે આસિસ્ટન્ટ એજ્યુકેશન ઓફિસર, કાઉન્સિલર, સામાજિક કાર્યકર્તાઓ, શિક્ષિકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### કોવિડ-૧૯ સંગ્રામના કેડીઓ લડવૈયા કુ. ઉર્વી લોડાયા, હર્ષિત દંડ

લોકડાઉનના કારણે કામધંધા બંધ થવાની સાથે ઘરમાંથી બહાર નીકળવાનું બંધ થતાં ખાસ કરીને નબળા વર્ગના


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.

સોમવાર બંધ

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

લોકોને રોજની ખાદ્યા-ખોરાકી મેળવવાનું કપરૂં થઈ પડ્યું છે. ત્યારે આપણા બે કોરોના વોરિયર કોવિડ-૧૯ સંગ્રામના લડવૈયા કુ. ઉર્વી લોડાયા અને હર્ષિત દંડે છેલ્લા ૨૨ દિવસ દરમિયાન માટુંગા, દાદર, તાડદેવ, ચેમ્બુર, ઘાટકોપર, કલવા, ભાંડુપ તથા થાણા જેવા વિસ્તારોમાં ૪૦૦૦થી વધુ ફૂડ પેકેટનું વિતરણ કર્યું છે.


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાંકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ**

**Mob.: 99678 41792**

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


**Topic: Pravachan By**
**Param Pujya Jaydarshitashriji Maharaj Saheb**

Kekin Dand is inviting
Zoom meeting

Stat Time Zone: 9:00AM IST, 8:30PM PST, 10:30PM CST, 11:30 EST

Join Zoom Meeting
https://us02web.zoom.us/j/321207504

Meeting ID: 321 207 504
One tap mobile
+16699009128,,321207504# US (San Jose)
+13462487799,,321207504# US (Houston)

Dial by your location : +1 669 900 9128 US (San Jose), +1 346 248 7799 US (Houston) +1 253 215 8782 US, +1 301 715 8592 US +1 312 626 6799 US (Chicago) +1 646 558 8656 US (New York)

Meeting ID: 321 207 504
Find your local number: https://us02web.zoom.us/u/kdhZVH0wuF

## માનવસેવાને સમર્પિત કેડીઓ
## શ્રી પ્રિયેશ કિશોર ભેદા
## (વડાલા-વારાપધર)

(IRS.Jt. Commissionar of GST, Mumbai)



યંગ ઈન્ડિયા એક્શન ફોરમ-મુંબઈના ઉપક્રમે માટુંગા ખાતે શ્રી પ્રિયેશભાઈના હસ્તે કિરાણા કિટનું વિતરણ જરૂરતમંદ પરિવારોને કરવામાં આવ્યું હતું.

## શ્રદ્ધાંજલિ



### ડૉ.રાજેન્દ્ર મણિલાલ ફુરૂવા

(ગોધરા-મુલુંડ)

મુલુંડ-ભાંડુપ વિસ્તારના પ્રખ્યાત ડૉક્ટર રાજેન્દ્ર ફુરૂવા તા.૧૩-૪-૨૦૨૦ના ૫૬ વર્ષની વયે અરિહંતશરણ થયા છે. કે.ડી.ઓ.જ્ઞાતિજનોને હંમેશા મદદરૂપ થનારા નિષ્ણાત માર્ગદર્શક જ્ઞાતીએ ગુમાવ્યા છે. હોસ્પિટલ દર્દીઓની સારવાર માટે હંમેશા ખુલ્લી રહેતી હતી તેમના સેવામય જીવનકર્મને હાર્દિક શ્રધ્ધા સુમન.

– પ્રકાશ સમીક્ષા સમિતિ

## નવા બદલાયેલા સરનામા / ફોન નંબર

| | |
|---|---|
| જીજ્ઞેશ ભવાનજી નાગશી મોતા<br>PS-2305 (ગામ-કુઆપધર) | B-502, એન્કર રેસીડન્સી, સેનેટેરીયમ લેન, એમ.જી.રોડ, બેન્ક ઓફ ઈંડિયા પાસે, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. મો. નં. 09920916892 |
| કમલેશ આણંદજી લાલજી દંડ<br>PS-6685 (ગામ-સાંધવ) | 98, દીપિકા સોસાયટી, દીપીકા ગાર્ડન પાસે, કરેલી બાગ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૧૮. મો. નં. 09730800747 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૩-૨૦ | ભીલાઈ | ખુશી, રૂપલ અંકિત યોગેશ પદમશી દંડ | મંજલ | પુત્રી |
| ૧૯-૩-૨૦ | ધામનોદ | અદ્વિકા, નીધિ નિતીન લોકેન્દ્ર દંડ | પરજાઉ | પુત્રી |
| ૨૦-૩-૨૦ | મુલુંડ | હેના સુજાતા નીમિત મોમાયા | સાંયરા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૨.૨૦ | અંજાર | ફરજ વિનોદ સોમચંદ દંડ | તેરા | ૨૯ |
| | સાંધવ | વૈશાલી દિલીપ કુંવરજી લોડાયા | સાંધવ | ૨૮ |
| ૨૬-૦૩-૨૦ | ભૂજોડી | પારસ મણસી રતનસી ડાઘા | વરાડિયા | ૩૩ |
| | અંકલેશ્વર | કાજલ લક્ષ્મીચંદ પદમસી પાનપરિયા | નાંગ્રેચા | ૩૨ |
| ૦૬-૦૪-૨૦ | ભાંડૂપ | નિખીલ મહેન્દ્ર ઠાકરશી મોતા | રાપર | - |
| | અમદાવાદ | આરતી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી | બાંઢીયા | ૨૭ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૩-૨૦ | યુ.એસ. | ડર્ક એડવીન શિલ્ડ | નેધરલેન્ડ | ૩૧ |
| | યુ.એસ. | તન્વી સિરાજ લક્ષ્મીચંદ લોડાયા | તેરા | ૩૧ |
| ૨૦-૦૩-૨૦ | ખામગામ | જીત નીરેન મુલજી લોડાયા | કોઠારા | ૩૧ |
| | ડોમ્બીવલી | ચાર્મી સુરેશ માવજી વિસરીયા | ઊંઝા | - |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૨-૨૦ | મુલુંડ | હિમાંશુ હિરેન્દ્ર ચાંપસી ખોના | મો.ખાવડી | ૩૩ |
| | ઘાટકોપર | મિલોની વિજય નાગડા | પરજાઉ | ૩૩ |
| ૧૨-૦૩-૨૦ | હૈદ્રાબાદ | અભિષેક પારસ હિરાચંદ ધરમશી | કોઠારા | ૨૬ |
| | સૌદાપૂર | રૂપલ દિલીપ લક્ષ્મીચંદ મોમાયા | બારોઈ | ૨૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૩-૨૦ | મુલુંડ | દેવજી લાલજી પોલડીયા | બાયઠ | ૬૨ |
| ૧૯-૦૩-૨૦ | બદલાપુર | સોનબાઈ રતનશી કલ્યાણજી શિયાલ | જખૌ | ૯૦ |
| ૨૦-૦૩-૨૦ | મુલુંડ | કેસરબેન કુંવરજી ધુલ્લા | સેવક ભરૂડીયા | ૮૩ |
| ૨૧-૦૩-૨૦ | ઈંદોર | માનકુંવર નવીનચંદ્ર ભવાનજી લાલકા | નલીયા | ૭૯ |
| ૨૨-૦૩-૨૦ | વડાલા/સેલામ | જયવંતીબેન મણીલાલ ત્રિકમજી વીરજી સોની | વાંકુ | ૮૭ |
| ૨૪-૦૩-૨૦ | ઉજ્જૈન (એમપી) | પદમસી વેલજી શીવરાજ ધુલ્લા | રાપર ગઢવારી | ૭૨ |
| ૨૫-૦૩-૨૦ | દહિસર | જયંતિલાલ વિરજી ધરમશી | ગોરખડી | ૭૭ |
| ૨૫-૦૩-૨૦ | ભોપાલ | જયાબેન પદમશી મોમાયા | સાંયરા | ૮૦ |
| ૨૭-૦૩-૨૦ | અમદાવાદ/ગુંડાલા | રતનબેન લક્ષ્મીચંદ વિશનજી મોમાયા | સાંયરા | ૮૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮-૦૩-૨૦ | કુરૂડવાડી | જવાહર અભયચંદ મુલજી નાગડા | નલિયા | ૭૨ |
| ૩૦-૦૩-૨૦ | નાંદેડ | કુંદનબેન દિનેશ ચીમનલાલ નાગડા | તેરા | ૬૩ |
| ૩૦-૦૩-૨૦ | મુલુંડ | અલ્કાબેન (મંજુલાબેન) તલકચંદ ગોવિંદજી શિયાલ | જખૌ | ૮૭ |
| ૦૧-૦૪-૨૦ | જલગામ | પ્રવીણભાઈ ગોવિંદજી મુલજી લોડાયા | બારોઈ | ૬૭ |
| ૦૧-૦૪-૨૦ | પવઈ | મણીબેન વર્ધમાન શામજી ખોના | સુજાપુર | ૮૭ |
| ૦૩-૦૪-૨૦ | કલ્યાણ | તેજસ ભૂપેન્દ્ર મુલજી મોમાયા | વરાડિયા | ૩૭ |
| ૦૪-૦૪-૨૦ | ડોંબિવલી | ચંદુલાલ લાલજી પદમશી ડાઘા (માલદે) | દલતુંગી | ૮૪ |
| ૦૫-૦૪-૨૦ | મહેબુબનગર | ધારીણી કરણ દિપકભાઈ મોતા | વારાપધર | ૨૪ |
| ૦૬-૦૪-૨૦ | ડોંબિવલી/રાજકોટ | રાજેશ જયચંદ ખીમજી લોડાયા (બોચા) | નલિયા | ૪૫ |
| ૦૬-૦૪-૨૦ | ગંજબાસોદા | લક્ષ્મીબાઈ લક્ષ્મીચંદ હિરજી ખોના | જખૌ/ભુજ | ૮૦ |
| ૦૭-૦૪-૨૦ | કોઈમ્તૂર | પૂષ્પવદન લક્ષ્મીચંદ પૂંજાભાઈ લોડાયા (જૈન) | મંજલ | ૭૩ |
| ૦૭-૦૪-૨૦ | કલકતા | (દમયંતી) દેવકાબેન પદમશી પૂનશી ધૂલ્લા | નલિયા | ૮૨ |
| ૧૧-૦૪-૨૦ | પૂના | નવીનચંદ્ર ધનજી ધરમશી | સુથરી | ૮૬ |
| ૧૩-૦૪-૨૦ | મુલુંડ | ડૉ. રાજેન્દ્ર મણીલાલ ભવાનજી કુરૂવા | ગોધરા | ૫૬ |
| ૧૩-૦૪-૨૦ | વડાલા | નવીનચંદ્ર મુલજી નાગડા (શાહ) | નલિયા | ૭૩ |
| ૧૩-૦૪-૨૦ | ગોધરા | લક્ષ્મીચંદ ગોવિંદજી હંસરાજ કુરૂવા | ગોધરા | ૭૫ |
| ૧૬-૦૪-૨૦ | ડોંબિવલી | હર્ષિતા ધીરજ રાયચંદ પુનશી નાગડા | રંગપુર | ૧૫ |
| ૧૭-૦૪-૨૦ | કરાડ | ખમાવંતી કુલીનકાંત વિશનજી નાગડા | લાલા | ૭૦ |
| ૧૭-૦૪-૨૦ | વડાલા | દીપાબેન ભરત રાયચંદ લોડાયા | દલતુંગી | ૬૫ |
| ૧૯-૦૪-૨૦ | ગોરેગામ | જયંતિલાલ દામજી ખીમજી નાગડા | નલિયા | ૭૫ |
| ૨૦-૪-૨૦ | દિલ્હી | વીણાબેન ભરત નાગશી દંડ | ભરૂડીયા | ૬૧ |

# ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના શ્રમ સેવા કરતા યુવા કાર્યકરો





ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના બે યુવા શ્રમ સેવા કાર્યકરો ભાવિન લોડાયા અને વિનિત ફુરીયા બે રાઉન્ડ અનાજ ભરી આવેલા ટેમ્પોને અનલોડીંગ કરાવવા પોતે જાતે ટેમ્પો ઉપર રહીને અનાજ બાચકા મજૂરોને માથે આપયા હતા.

કોરોના સંકટ પરિસ્થિતિમાં માથાડી મજૂરો પણ કામ પર ન આવતા હોવાથી મજૂરોની અછતનો ઓછાયો સેવાકાર્ય પર ન લાગે એ માટે મહેનતનું કામ ધાન્યની ગૃણીઓ ટેમ્પોમાંથી ખેંચીને મજૂરોના માથે મૂકતા હતા. સર્વધર્મના જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કીટ ફીડીંગ ઈન્ડિયા સંસ્થા દ્વારા ભાંડુપ જૈન સંઘના કાર્યકર્તાઓ સાથે મળીને વિતરણ કરી રહ્યાં છે.

ભાવિનભાઈ લોડાયાના સેવા સર્જાપિત ભાવની નોંધ લઈ આ સંસ્થાઓ કીટ મોકલાવી છે. જે ખરેખર અનુમોદનીય.

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

|| શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી મહાવીર સ્વામિને નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાણપર

**શ્રી રાણપર તીર્થે શ્રી મહાકાળી માતાજી અને શ્રી પદ્માવતિ માતાજીની પ્રતિષ્ઠા અને ૧૨૭મો ધ્વજારોહણની આછેરી ઝલકો...**



Printed, Published & Edited by : RAICHAND R. NAGDA on behalf of C.D.O. PRAKASH SAMIKSHA SAMITI and Printed at THE NEW MILLENNIUM PRINTERS, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.